
ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૬ ટકા

# લ્યો...બોલો, સેવનસ્ટાર લીલા હોટલ પાસે કચરાના દૃશ્યો

ગાંધીનગર, તા. ૧૨
શહેરની સુપ્રસિદ્ધ લીલા આ વિસ્તારમાં ખુલ્લેઆમ કેકના બોક્સ ફેંકી દેવામાં આવ્યા છે.





હોટલ તરફના અંડરબ્રિજ પાસે કચરાના દૃશ્યો જોવા મળી રહ્યા છે. શહેરીજનો દ્વારા બર્થ ડેની કેક કાપીને અસામાજિક તત્વો દ્વારા જાહેર સ્થળો પર ગંદકી ફેલાવવામાં આવી રહી છે. આ વિસ્તારમાં રાત્રી દરમ્યાન બેઠકો ચાલતી હોય છે. રોમિયો અને ગાડીઓ-બાઈકો લઈને સ્ટંટ કરતા યુવાનો આ માર્ગ પર જોવા મળે છે. જેમાં ઘણા બધા એક્સિડન્ટ પણ થઈ ચુક્યા છે.

યુવાવર્ગમાં રાત્રીના ૧૨ વાગ્યે જન્મદિન ઉજવવાની પરંપરા ચાલુ છે જેમાં મોટી સંખ્યામાં મિત્રોની ઉપસ્થિતિમાં જન્મદિનની કેક કાપવામાં આવે છે અને ઉજવણી કરવામાં આવે છે. પરંતુ આ ઉજવણી બાદ જે તે સ્થળે ગંદકી કરવામાં આવી રહી છે તે વ્યાજબી નથી. કોર્પોરેશનના કર્મચારીઓ દ્વારા દરરોજ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવે છે તેમ છતાં આ પ્રકારે ગંદકી અને કચરો જોવા મળી રહ્યો છે. ન્યૂ વાવોલ વિસ્તારમાં આવેલ રસીયન બેકરીના કેકના બોક્સ જાહેર સ્થળો પર ફેંકવામાં આવી રહ્યા છે.

અગાઉ પણ અસામાજિક તત્વો દ્વારા અંડરપાસ વિસ્તારમાં દારૂની બોટલો ફેંકવામાં આવી હતી. મોટાભાગના માર્ગો પર કેમેરા મુકવામાં આવ્યા છે તેમ છતાં કોઈને બીક જેવું નથી. જાહેર સ્થળો પર કચરાપેટીના ડબ્બાઓ મુકવામાં આવ્યા છે તેમ છતાં તેનો ઉપયોગ ન કરતાં ખુલ્લેઆમ માર્ગો ઉપર કચરો ફેંકવામાં આવી રહ્યો છે. આ વિસ્તારમાં સુંદર મજાના છોડવાઓ પણ રોપાયા છે જેને અસામાજિક તત્વો ગમે તે સમયે નુકશાન પહોંચાડીને ચાલ્યા જાય છે. મોજ-શોખ કરવામાં શહેરીજનો સ્વચ્છતાનું પાલન કરવાનું ભુલી રહ્યા છે તેવું દૃશ્ય દેખાઈ રહ્યું છે.

# ધોળાકુવા ગામની સગીરા ગુમ થતા પોલીસ ફરીયાદ

## અજાણ્યા શખ્સો દ્વારા અપહરણ કરવામાં આવ્યું હોવાની ફરીયાદ ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાઇ

ગાંધીનગર, તા.૧૨
ગાંધીનગર શહેરને અડીને આવેલા ધોળાકુવા ખાતે રહેતી ૧૭ વર્ષિય સગીરા નું અજાણ્યા શખ્સો દ્વારા અપહરણ કરવામાં આવ્યું હોવાની ફરીયાદ ઈન્ફોસીટી પોલીસ મથકે નોંધાતા આગળની તપાસ હાથ ધરી છે. વહેલી સવારે સગીરાને તેના પિતા પાણી ભરવા માટે જગાડવા ગયા હતા. તે સમયે તે પથારીમાં જોવા નહી મળતા શોધખોળ બાદ ફરીયાદ આપી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ધોળાકુવાની સગીરા પરિવારના સભ્યો રાત્રીના સમયે સૌ સાથે મળીને ભોજન કર્યા બાદ રાત્રે સુવા માટે ગયા હતા. બીજા દિવસ સવારે પાણી આવતુ હોવાથી તેને નિત્યક્રમ કામ માટે ઘરના વાસણોમાં પાણી ભરવા માટે દિકરીના પિતા તેને જગાડવા માટે ગયા હતા. પરંતુ દિકરી તેના ખાટલામાં જોવા મળી ન હતી. આ અંગે જાણ તેના પિતાએ તેમના પત્નિને કરી હતી. ત્યારબાદ સૌ કોઈ દિકરીનો શોધખોળ માટે નીકળ્યા હતા. સગા-સ્નેહીજનોના ત્યાં પણ તપાસ કરાઈ હતી. તેમ છતા દિકરીનો ક્યાંય પત્તો નહી લાગતા આખરે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા તપાસ શરુ કરી છે.

# સેક્ટર-૨૧માં નોનવેજ લારીઓ સામે જનાક્રોશ

## નોનવેજની લારીઓથી ફેલાતી દુર્ગંધ અને ગંદકીથી શહેરીજનોમાં રોષ

ગાંધીનગર, તા. ૧૨
નોનવેજની લારીઓ પર પ્રતિબંધનો મુદ્દો અનેક શહેરોમાં ઉઠ્યો છે એક પછી એક શહેરો જાહેરમાં નોનવેજ અને ઈંડાની લારીઓ પર પ્રતિબંધ મુકી રહ્યા છે ત્યારે ગાંધીનગર મનપા દ્વારા પણ આ અંગે વિચારણા કરવી જોઈએ.



ગઈકાલે મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આ બાબતે મોટુ નિવેદન આપ્યું છે કે રાજ્યમાં રસ્તા પર ઉભેલી નોનવેજની લારીઓ ટેમ્પરરી લેન્ડ ગ્રેબિંગ સમાન છે. ફૂટપાથ પર ધંધો કરવાનો કોઈને પણ અધિકાર નથી. રોડ પર લારીનું દબાણ એ લેન્ડ ગ્રેબીંગ સમાન છે. નોનવેજ અને વેજ તમામ લારીઓના દબાણ હટાવવા જ જોઈએ. નોનવેજ અને વેજની લારીના ધુમાડાથી નુકશાન થાય છે અને તેને હટાવવી જ જોઈએ. રાજકોટમાં જાહેરમાં આમલેટ અને નોનવેજની લારીઓને વેચાણ નહિ કરવા માટે મ્યુનિસિપાલટીના પગલાંની પ્રશંસા કરી હતી અને એના માટે સખત પગલાની હિમાયત પણ કરી હતી.

રાજકોટ બાદ વડોદરામાં પણ જાહેરમાં નોનવેજની લારીઓ દેખાય નહી એવી સૂચના આપવામાં આવી છે. ત્યારે ગાંધીનગરમાં પણ ઘણા બધા વિસ્તારોમાં ફૂટપાથ પર જાહેરમાં નોનવેજની લારીઓ ચાલી રહી છે તે અંગે નિર્ણય લેવો જોઈએ. સેક્ટર-૨૧માં તો નોનવેજની લારીઓની લાઈનો લાગે છે. જાહેરમાં નોનવેજના ધુમાડા થઈ રહ્યા છે. ત્યાંથી પસાર થતા નાગરિકોને તેની સ્મેલથી પરેશાન થવું પડતું હોય છે તથા આજુબાજુમાં અસહ્ય ગંદકી સર્જાય છે.

શહેરના સેક્ટર-૨૧ માર્કેટમાં નોનવેજ કતલખાનુ ચાલી રહ્યુ છે. જેમાં મટન, માંસ કટીંગ અને વેચાણ થાય છે. આ વિસ્તારમાં શહેરીજનોને નીકળવામાં પણ મુશ્કેલીઓ પડે છે. એટલી દુર્ગંધ આવતી હોય છે કે જેઓ નોનવેજ નથી ખાતા તેમને તો ઉલટી થઈ જાય તેવી અસહ્ય દુર્ગંધ આવે છે. એકબાજુ શાકભાજીનું માર્કેટ અને બીજી બાજુ આ નોનવેજનો વર્ષો જૂનો અડ્ડો. શહેરમાં નોનવેજની લારીઓ ગણી ગાંઠી જ જોવા મળતી હતી જે અત્યારે નોનવેજ ફૂડ બજારો થઈ ગયા છે. ઘ-૨ તરફથી ઘ-૩ ની વચ્ચેના વિસ્તારમાં પણ જાહેરમાં નોનવેજની લારીઓની લાઈનો લાગે છે. નોનવેજની ગેરકાયદે ધમધમતી લારીઓ કોર્પોરેશન દ્વારા બંધ કરાવવા જોઈએ. જાહેર માર્ગો ઉપર જ કપાયેલા પશુ-પક્ષી અને દરિયાઈ જીવો ખુલ્લામ-ખુલ્લા વેચાતા રહે છે જેના ઉપર માખીઓ બણબણતી હોય છે અને વાતાવરણમાં દુર્ગંધ ફેલાતી રહે છે. તેથી જવાબદાર તંત્ર દ્વારા આ વિષય પર નિર્ણય લેવો જોઈએ. રાજકોટ અને વડોદરા મનપાના નિર્ણયો મુજબ ગાંધીનગર મનપાએ પણ આવા નિર્ણયો ચોક્કસપણે લેવા જોઈએ. ઘણા વિસ્તારોમાં મંદિરોની આસપાસ નોનવેજની લારીઓ ચાલી રહી છે જે હિંદુ ધર્મ માટે અશોભનીય બાબત છે.

# ચમત્કાર ! સે.૪માં આંબા ઉપર કેરી આવી





સેક્ટર-૪માં પ્લોટ નં. ૨૧૧/૧ ચૌહાણ પરસોત્તમભાઈ નાનજીભાઈના ઘર સામે આંબા ઉપર કેરીઓ સિઝન વગર દેખાય છે. છેલ્લા ઘણા વર્ષથી આ આંબા ઉપર શિયાળામાં કેરી આવે છે. આમ તો જૂનમાં કેરીની સિઝન પુરી થઈ જાય છે. પરંતુ આ આંબા ઉપર નવેમ્બર માસમાં કુદરતી રીતે જ આંબા પર કેરી ઉગી નીકળી છે. આબોહવામાં થતા પરિવર્તનનના કારણે આ પ્રકારની ઘટના બનતી હોય છે. ક્લાઈમેટ ચેન્જની અસરથી વગર સિઝને કેરીઓ આંબા પર લાગે છે જે હમણાં મોટી પણ થઈ ગઈ છે.

### આજે વડનગરા નાગર મંડળનો સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૨
આજરોજ સેક્ટર-૨૪ ખાતે વડનગરા નાગર મંડળનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે. રંગમંચ ખાતે સાંજે ૪ વાગ્યાથી આ કાર્યક્રમની શરૂઆત થશે. જેમાં સ્વર્ગસ્થ સ્નેહીજનો માટે શાંતિપાઠ કરાશે ત્યારબાદ સ્નેહમિલન અને રાત્રે ૭.૩૦ વાગ્યાથી ગુજરાતના સુપ્રસિદ્ધ ગીત-સંગીતની 'સુરીલી સરગમ' ફેમ સલિલ મહેતા અને સાથી કલાકારો દ્વારા ગીત સંગીતનો કાર્યક્રમ રજુ કરાશે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેજસ મઝુમદાર દ્વારા કરવામાં આવશે. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા કારોબારી સમિતિ વડનગરા નાગર મંડળ દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે.

# એક વર્ષથી નાસતો ફરતો હત્યાનો આરોપીને એલસીબી-૨એ પકડી પાડ્યો

## જામીનની મુદત પુરી થઈ ગઈ હોવા છતા તે જેલમાં પરત ગયો ન હતો

ગાંધીનગર,તા.૧૨
કલોલ પોલીસ મથક વિસ્તારમાં હત્યાના ગુનો આચરનાર આરોપી સાબરમતિ જેલમાંથી પેરોલ જમ્પ કરી એક વર્ષથી નાસતો ફરતો હતો. આ આરોપીને જુહાપુરા વિસ્તારમાંથી એલસીબી-૨ એ પકડી પાડી જેલ હવાલે કરી દીધો છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા એ ગંભીર ગુનામાં નાસતા ફરતા અને જેલમાંથી પેરોલ જમ્પ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે અધિકારીઓને સુચના આપી હતી. જેને પગલે એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવ દ્વારા કલોલ પોલીસ મથકની હદમાં હત્યાનો ગુનો આચરી જેલમાંથી વચગાળાના જામીન મેળવીને છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આસીફ અબ્બાસમીયા છતુમિયા સૈયદને પકડી પાડવા માટે ટીમ કાર્યરત કરી દેવાઈ હતી. આરોપીના સંભવિત છુપાવવાના સ્થાનોની ગુપ્ત રાહે તપાસ કરાઈ હતી. જ્યારે આરોપીના ઘર છત્રાલ માં પણ બાતમીદારો સક્રિય કરીને આસીફને પકડી પાડવા માટે કવાયત હાથ ધરાઈ હતી. ત્યારે આસીફ ગાંધીનગર છોડીને જુહાપુરા વિસ્તારમાં જઈને છુપાઈ ગયો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેને પગલે ક્રાઈમ બાંચની ટીમ દ્વારા ત્યાંના સ્થાનિક વિસ્તારમાં વોચ ગોઠવી દઈને આસીફને પકડી પાડી એલસીબી કચેરી ગાંધીનગર ખાતે લાવવામાં આવ્યો હતો. પોલીસે આસીફની પુછતાછ કરતા તેણે કલોલ વિસ્તારમાં હત્યાના ગુનાને અંજામ આપી સાબરમતિ જેલ ખાતે સજા કાપી રહ્યો હતો. એક વર્ષ અગાઉ વચગાળાના જામીન મળ્યા હતા, જામીનની મુદત પુરી થઈ ગઈ હોવા છતા તે જેલમાં પરત ગયો ન હતો. પોલીસે આસીફને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી જેલમાં મોકલી આપ્યો હતો.

# કાર ચાલકે ટક્કર મારતા બાઈક સવાર સાળી-બનેવીને ઈજા

ગાંધીનગર, તા.૧૨
કલોલ થી અમદાવાદ ફર્નીચર લેવા માટે બાઈક પર જઈ રહેલા બનેવી અને સાળીને કારના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ટક્કર મારતા તેઓ નીચે પટકાયા હતા. જેમાં ફરીયાદી અને તેમના સાળીને ઈજાઓ પહોંચતા સારવાર માટે લઈ જવાયા હતા.બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલ પાંચ હાટડી બજાર પાસે પંડ્યા વાસ ખાતે રહેતા ૪૮ વર્ષિય મનોહર સુકલાલ મરાઠે ખાત્રજ અરવિંદ મીલમાં ઓપરેટર તરીકે છેલ્લા ૨૦ વર્ષથી નોકરી કરે છે. નોકરી આવન જાવન માટે ઘરના ઉપયોગ માટે જી.જે.૧૮.ડી.ડી.-૨૮૯૫ ડીલક્ષ બાઈકનો ઉપયોગ કરતા હતા. પરંતુ બાઈકના માલિક તેમના ભાઈ કિશોર મરાઠે હતા. ગત તા.૧૦ નવેમ્બરના રોજ સવારે દશ વાગ્યાના અરસામાં ફરીયાદી તેમના સાળી કલ્પનાબેનને લઈ કલોલથી અડાલજ ફર્નીચર લેવા માટે જઈ રહ્યા હતા. તે દરમિયાન અડાલજ ગામથી ઝુંડાલ ગામ તરફ જતા માર્ગ પર ફર્નીચરની દુકાન દેખાતા બાઈકની સાઈડ લાઈટ બતાવી ધીમે ધીમે જઈ રહ્યો હતો. તે સમયે આશરે પોણા અગીયાર વાગે મારી પાછળતી આવીને એક કાર ચાલકે બાઈકને ટકકર મારતા તેઓ બંન્ને જણા નીચે પડી ગયા હતા. જેમાં કલ્પનાબેનને માથાના ભાગે ઈજા પહોંચી હતી. જેથી કાનમાંથી લોહી નીકળવા લાગ્યું હતું. જયારે ફરીયાદીને હાથે પગે સામાન્ય ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયારે કારનો નંબર જોતા જી.જે.૦૧.કે.ડી.-૫૪૪૯ હતો. ગાંધીનગર સિવિલ ખાતે પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયા હતા.

# ગુજરાતમાં ઈન્ટરનેશનલ ફેસલેસ ડ્રાઈવીંગ લાયસન્સ લોન્ચ કરાશે

ગાંધીનગર, તા. ૧૨
ડ્રાઈવીંગ લાયસન્સ બાબતે ગુજરાતમાં ટૂંક સમયમાં મોટા ફેરફાર આવવાની શક્યતાઓ છે. ગુજરાત સરકાર ટૂંક સમયમાં ઈન્ટરનેશનલ ફેસલેસ ડ્રાઈવીંગ લાયસન્સ લોન્ચ કરશે. આ લાયસન્સ સમગ્ર વિશ્વમાં વેલીડ ગણાશે. ગુજરાતમાંથી ઘણા વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ અર્થે જાય છે. વિદેશમાં ડ્રાઈવીંગ લાયસન્સ મેળવવું અઘરૂ બની જાય છે. વિદેશ અભ્યાસ અર્થે જતાં વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓ માટે આ લાયસન્સ ખૂબ જ ઉપયોગી બની રહેશે. જેમની પાસે લોકલ ડ્રાઈવીંગ લાયસન્સ છે તેઓ ઘરે બેઠા ઓનલાઈન એપ્લાય કરીને ઈન્ટરનેશનલ ડ્રાઈવીંગ લાયસન્સ મેળવી શકશે. આ લાયસન્સ બધા જ દેશોમાં વેલીડ ગણાશે જેનાથી વિદ્યાર્થીઓને ઘણી રાહત રહેશે.




કલોલ તાલુકાના ખોરજ ડાભી ગામે આજે વૈજ્ઞાનિક ઢબે પશુપાલન કેવી રીતે થઈ શકે તે અંગે એક માર્ગદર્શન શિબિર પશુપાલકોની યોજાઈ હતી જેમાં ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, માજી તા.પં. પ્રમુખ કેતનભાઈ પટેલ, સંયુક્ત નિયામક ડૉ. કે.જી. બ્રહ્મક્ષત્રિય, મદદનીશ નિયામક ગોવિંદભાઈ ચૌધરી, જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. એસ.આઈ. પટેલ હાજર રહ્યા હતા.



ગાંધીનગરની ઓળખ આમ તો 'મર્કટ' મન ધરાવતા રાજકારણીઓના કેન્દ્ર તરીકેની છે પરંતુ તેથી દૂર હજુ પણ કેટલેક અંશે રળિયામણું રહેલું પાટનગર તેના નાગરિકોના પ્રકૃતિ પ્રેમ, જીવદયા અને સેવાકીય કાર્યો થકી પણ તેનું ઉજળું પાસું પ્રદર્શિત કરતું રહ્યું છે. શહેરની મધ્યમાં ઘ-૪ સર્કલ નજીક ઝાડીઓમાં નિયમિત રીતે પક્ષીઓને ચણ અને ગાય-કૂતરાં-વાંદરા જેવા પ્રાણીઓ માટે પાણીની વ્યવસ્થા કરવાની સેવા એક સેવાભાવી માલધારી યુવાન દ્વારા પુરી પાડવામાં આવે છે. આ સેવાકાર્ય દરમ્યાન વાંદરાઓના ઝુંડને બિસ્કિટ ખવડાવતો તેમનો સહયોગી એટલી નિર્ભિકતાથી સેવા કરી રહ્યો છે.





પારસમણિ ફાઉન્ડેશન દ્વારા પારસમણિ રંગબેરંગી રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રંગોળી સ્પર્ધામાં આ વખતે ગાંધીનગર અને ગુજરાતના વિવિધ શહેર અને છેક અમેરિકાથી સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ રંગોળી સ્પર્ધામાં ૮૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. એક એકથી ચઢિયાતી રંગોળીએ નિર્ણાયકોનું મન મોહી લીધું હતું. પારસમણિ ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાતે આ રંગોળી સ્પર્ધાનું આયોજન કર્યુ હતુ. આ સ્પર્ધામાં વૈવિધ્યસભર રંગોળીઓ જોવા મળી હતી. જેમાં ૧૧ વર્ષથી લઈ ૭૨ વર્ષ સુધીની મહિલાઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિવિધ ચાર ગ્રુપના ૧૨ સ્પર્ધકોને ઈનામ આપ્યા હતા. આ સ્પર્ધામાં કો-ઓર્ડીનેટર તરીકે રિદ્ધિ થોરાતે સેવા આપી હતી. જ્યારે તરિશી પરમાર અને ડૉ. પૌલમી પરમારે આ સ્પર્ધા સફળ બનાવવા મહેનત કરી હતી.

# આઈઆઈટી-ગાંધીનગરના સંશોધકોને ગાંધીયન યંગ ટેકનોલોજીકલ ઈનોવેશન એવોર્ડ

ગાંધીનગર, તા.૧૨
ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીના સંશોધન વિદ્વાનોની બેવડી સિદ્ધિઓમાં, કેમિકલ એન્જિનિયરિંગની પીએચડી વિદ્યાર્થી હરિની ગુંડાએ ×ગાંધીયન યંગ ટેકનોલોજીકલ ઈનોવેશન એવોર્ડ× સૃષ્ટિ-જીવાયટીઆઈ - ૨૦૨૧ જીત્યો છે, અને પીએચડીના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હવે ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં પોસ્ટડોક્ટરલ ફેલો ડૉ ચંદન કુમાર ઝાએ બાયરેક સિતારે - જીવાયટીઆઈ એપ્રિસિયેશન એવોર્ડ - ૨૦૨૧ જીત્યો છે.

ગાંધીયન યંગ ટેકનોલોજિકલ ઈનોવેશન-જીવાયટીઆઈ એવોર્ડ્સ અત્યંત સસ્તું-કરકસરના ઉકેલો દ્વારા અથવા સામાજિક અને ઔદ્યોગિક એપ્લિકેશનના વિવિધ ક્ષેત્રો માટે તકનીકી ધારને આગળ ધપાવનારાઓ દ્વારા એન્જિનિયરિંગ, વિજ્ઞાન, ટેકનોલોજી અને ડિઝાઈનના તમામ ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓની નાવિન્યપણાંની ઉજવણી કરે છે. પુરસ્કારોની જાહેરાત દર વર્ષે બે કેટેગરી હેઠળ કરવામાં આવે છે જેમાં બાયોટેક્નોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્સ કાઉન્સિલ-બાયરેક, ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેક્નોલોજી-ડીબીટી અને સૃષ્ટિ દ્વારા આપવામાં આવેલ જીવાયટીઆઈ-જીવાયટીઆઈનો સમાવેશ થાય છે. પુરસ્કાર પ્રાપ્તકર્તાઓની પસંદગી સંબંધિત ક્ષેત્રના જાણીતા પ્રોફેસરો અને વૈજ્ઞાનિકો દ્વારા સખત સમીક્ષા પ્રક્રિયા પછી કરવામાં આવે છે, જેઓ સમગ્ર દેશમાંથી પ્રવેશોનું મૂલ્યાંકન કરે છે.


## જન્મદિને વધામણી



ધર્મેશ ગજ્જર
શિક્ષક
મો. ૯૪૨૮૦ ૨૮૦૯૩




ગૌરાંગ એમ પટેલ
મો. ૯૮૨૪૦ ૦૪૩૪૪



અલ્પેશ બી પટેલ
મો. ૯૮૭૯૨ ૩૫૩૦૬



કિરણ પી પટેલ
મો. ૯૯૯૮૨ ૮૬૦૪૧



વૃતાંત શાહ
મો. ૭૯૮૪૫ ૪૦૬૮૮



ફેલિક ઝેવિયર
મો.૯૨૬૫૩ ૬૩૫૧૧



પિન્કીબેન પ્રજાપતિ
મો. ૯૬૨૪૦ ૮૧૦૧૭



યુવરાજસિંહ પરમાર
આશાપુરા ગૃપ
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## ચિરવિદાય

● મુક્તિધામ ●

● સ્વ.પટેલ ઉમંગભાઈ, અશોકભાઈ, ઉ.વ.૪૦, ઉંઝા